# નાણાકિય હિસાબિ પદ્ધતિ –૧

સ ૧) ચતુર, ચકોર અને ચાલાક અનુક્રમે 3:2:1 ના પ્રમાણમાં નફો- નુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેમનુ તા.31મી ડિસેમ્બર, 2009ના રોજનુ પાકું સરવૈયુ નીચે મુજબ છે.

| મૂડી દેવાં | રૂ. | મિલકત લેણાં | રૂ. |
|---|---|---|---|
| મૂડી: | | કાયમી મિલકતો | 3,00,000 |
| ચતુર: 1,28,000 | | ચાલુ મિલકતો | |
| ચકોર: 62,000 | | (રૂ.28,000 રોકડ સહિત) | |
| ચાલાક: 10,000 | | | |
| -------- | | | 1,34,000 |
| | 2,00,000 | | |
| સામાન્ય અનામત | 24,000 | | |
| મિત્રની લોન(બિનસલામત) | 70,000 | | |
| લેણદારો | 1,40,000 | | |
| | --------------- | | -------------- |
| | 4,34,000 | | 4,34,000 |

ઉપરોક્ત તારીખે જ પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું.

મિલકતો ની ઊપજ અને ખર્ચ નીચે મુજબના હપતામાં છે.

| | ઊપજ | ખર્ચ |
|---|---|---|
| પ્રથમ હપતો | 84,000 | 7,000 |
| બીજો હપતો | 1,26,000 | 5,400 |
| ત્રીજો હપતો | 70,000 | 4,900 |
| ચોથો હપતો | 77,000 | 3,500 |
| પાંચમો હપતો | 35,500 | 3,500 |

રૂ.10,000ની એક હૂંડી બેંકમાં વટાવેલી હતી, જેના નાણાં હૂંડી સ્વીકારનારે પાંચમાં હપતા વખતે ચૂકવી આપ્યા છે. ઉપરની માહિતી પરથી મહત્તમ નફાનુકશાનની રીતે રોકડની ટુકડે-ટુકડે વહેંચણી દર્શાવતુ પત્રક તૈયાર કરો.

સ2)

‘અ’ કંપની લિ.એ 2000 ઇક્વિટી શેર, દરેક રૂ.10નો રૂ.2ના પ્રીમિયમે બહાર પાડ્યા. જેના પર શેરદીઠ નીચે મુજબ રકમ મંગાવામાં આવી હતી.

અરજી સાથે    રૂ॰ 2

મંજૂરી સાથે    રૂ 5( પ્રીમિયમ સહિત)

પ્રથમ હપતા સાથે    રૂ.3

આખરી  હપતા સાથે  રૂ.2

3000 શેરની અરજી મળી જે પૈકી 2,400 શેર અરજીઓની પ્રમાણસર ધોરણે ફાળવણી કરી. અરજી સાથે મળેલ વધારાની રકમનો ઉપયોગ મંજૂરીના હપતા વખતે કર્યો.

આનંદ કે જેને 50 શેર ફાળવવામાં આવ્યાં હતા તે મંજૂરી ના નાણાં ચૂકવી શક્યો નહીં અને પ્રથમ હપતો પણ ન ચૂકવી શકતા તેના શેર બીજો હપતો મંગાવતાં અગાઉ જપ્ત કરવામાં આવ્યાં. બીરેન કે જેને 60 શેર ધરાવતો હતો તે બંને હપતા ચૂકવી ના શક્યા તેના  શેર બીજો હપતો મંગાવ્યા બાદ જપ્ત કર્યા.

ઉપરોક્ત જપ્ત કરેલા શેરો પૈકી 80 શેર ચિંતન ને શેરદીઠ રૂ.9 પૂરેપૂરા  ભરપાઈ થયેલા ગણીને વેચ્યા જેમાં આણંદના બધાજ  શેરનો સમાવેશ થાય છે.

જરૂરી આંનોંધ લખો.

સ3 )  રોનક લિ નું તા.31-3-16 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૯%ના રિ. પ્રેફ. શેર,દરેક રૂ100 નો શેરદીઠ રૂ.80 ભરાયેલા<br>૧૦૦૦ ઈક્વિટી શેરો,દરેક રૂ 100નો પૂરા ભરપાઈ<br>સામાન્ય અનામત<br>લેણદારો<br>દેવીહૂંડી | <br><br>80,000<br><br><br><br>1,00,000<br>80,000<br>60,000<br>10,000 | કાયમી મિલકતો<br>સ્ટોક<br>દેવાદારો<br>બેન્ક | 1,20,000<br><br>1,00,000<br>80,000<br>૩૦,000 |
| | 3,30,000 | | 3,30,000 |

કંપનીએ કંપની ધારાની કલામ 55ની જોગવાઈનું પાલન કરીને રિ.પ્રે.શેરો 10% પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કર્યું.

કંપની એ ના ઈક.શેરો, દરેક રૂ.100નો ,20% પ્રીમિયમે એટલી સંખ્યામાં બહાર પાડ્યા કે જેથી પ્રે.શેરો પરત કર્યા બાદ રૂ.12,000 બેન્ક સિલક રહે. પ્રે.શેરો પરત કર્યા જૂના ઈક.શેરહોલ્ડરોને દર બે ઈક.શેરે એક શેર બોનસ આપવામાં આવ્યો.

આમનોંધ લખી , પાકું સરવૈયું બનાઓ.

સ4) ગ્રિશ્મિ લિ.ના કાચા સરવૈયામાંથી તા.31-3-15ના રોજ નીચેની બાકીઓ મળી છે:

| Particulars | Debit bal | Credit bal |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ | - | 20,000 |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો( 1-4-14) | 15,000 | - |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો(14-15 ના વર્ષ દરમિયાન ચૂકવેલ) | 20,000 | - |

2014-2015 ના વર્ષ દરમિયાન 2013-14 ના વર્ષ ની આકારણી પૂરી થઈ અને આવકવેરાની જવાબદારી રૂ.18,000 નક્કી થઈ. 2014-15 ના વર્ષ માટે આવકવેરાની જોગવાઈ રૂ 25,000 રાખવી.ઉપરની માહિતીતમે કંપનીના વાર્ષિક હિસાબો માં કઈ રીતે દર્શાવશો.

સ 5) 2013 ના કંપનીધારા મુજબ કાલ્પનિક આંકડાઓ સાથેનું નફા-નુકશાન પત્રક બનાઓ.